# પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અને તત્કાલીન કારોબારી ચેરમેનને ગેરલાયક ઠેરવવા નોટીસ ફટકારતા ખળભળાટ

## ડોર-ટુ-ડોર કચરા પ્રકરણે પાલિકા પ્રમુખ અને બેલીમ નાળાના મુદ્દે તત્કાલીન કારોબારી ચેરમેનને સભ્યપદેથી ગેરલાયક ઠેરવવા નગરપાલિકા નિયામકે ફટકારેલી કારણોદર્શક નોટીસથી ભાજપ છાવણીમાં સન્નાટો

પાલનપુર, તા. ૧૯

ભ્રષ્ટાચાર મુકત ભારતના નિર્માણ માટે ગુજરાતના પનોતા પુત્ર ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મુહીમ ચલાવી રહ્યા છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ચાલતા ભ્રષ્ટાચારને બેનકાબ કરવા મેદાને પડેલા ખુદ પાલિકા ઉપપ્રમુખની મુહીમ પણ હવે રંગ લાવી રહી છે. પાલિકા ઉપપ્રમુખે નગરપાલિકા નિયામક સમક્ષ ગેરરીતીઓ અંગેની સચોટ પુરાવા સાથેની કરેલી રજુઆતોને પગલે નગરપાલિકા નિયામક, ગાંધનીગર ધ્વારા પાલિકા પ્રમુખ અને તત્કાલીન કારોબારી ચેરમેન ને હોદ્દા અને સભ્યપદેથી દુર કેમ ન કરવા તે અંગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટ ૩૭ અન્વયે કારણોદર્શક નોટીસ ફટકારતા પાલિકા વર્તુળમાં સહીત રાજકીય ગલીયારાઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ભાજપ મોવડી મંડળની ગાંધારીની ભુમિકા વચ્ચે પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચેનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. ત્યારે ખુદ પાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ દાઢીએ ભાજપ શાસિત પાલિકામાં ચાલતી ગેરરીતીઓ સામે બાંયો ચડાવી નગરપાલિકા નિયામક સમક્ષ લેખિત રજુઆતો કરી ન્યાયની ગુહાર લગાવી હતી. તેઓએ પાલિકાના પ્રમુખ હસમુખ પઢિયાર અને તત્કાલીન કારોબારી ચેરમેન તુલસી લોહાણા સહીત પાલિકા ધ્વારા સી.સી.ટી.વી કેમેરા, વેબસાઈટ, એલ.ઈ.ડી, ગેરકાયેદસર ઉઘરાવેલી બાંધકામ ટ્રાન્સફર ફી, બેલીમ નાળાના ગેરકાયદેસર બાંધકામ અંગે તથા ડોર ટુ ડોર કચરા નિકાલમાં આચરાયેલી લાખો રૂપિયાની ગેરરીતી સંદર્ભે પાલિકાના નિયામક સમક્ષ પાલિકાના સત્તાધીશો સામે કલમ-૩૭ અને ૭૦ મુજબ પગલાં ભરવા માંગ કરી હતી. જેમાં પુષ્પા આધાર પુરાવાને જોતા નગરપાલિકાના નિયામકે પણ સમગ્ર પાંચ પૈકીના બે પ્રકરણને ગંભીરતાથી લઈ ડોર ટુ ડોર કચરા નિકાલ પ્રકરણમાં આચરાયેલી ગેરરીતી સંદર્ભે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢીયારને પ્રમુખ સહીત સભ્યપદેથી ગેરલાયક કેમ ન ઠેરવવા તે અંગે કારણોદર્શક નોટીસ ફટકારી હોવાનું પાલિકાના ચીફ ઓફીસર એસ.કે.ગરવાલે જણાવ્યુંહતું. જયારે બેલીમ નાળા પર કુદરતી વ્હેણને વેચી ખાવાનો કારસો રચવાનો જેના પર સંગીન આક્ષેપ છે તેવા તત્કાલની કારોબારી ચેરમેન તુલસીભાઈ લોહાણાને પણ સભ્યપદેથી ગેરલાયક કેમ ન ઠેરવવા તે અંગે કારણોદર્શક નોટીસ ફટકારતા પાલિકા વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસર એસ.કે.ગરવાલનો સંપર્ક કરતા તેઓએ પાલિકા પ્રમુખ હસમુખ પઢીયાર અને તત્કાલની કારોબારી ચેરમેન તુલસીભાઈ લોહાણાને ગેરલાયક ઠેરવવા અંગે નગરપાલિકા નિયામક ધ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટની કલમ-૩૭ અન્વયે કારણોદર્શક નોટીસ ફટકારાઈ હોવાના અહેવાલોને પુષ્ટિ આપતા આ અંગે વધુ સુનાવણી ૨૪મી જુનના રોજ યોજાશે તેવું જણાવ્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસા પંથકમાં સુસવાટા મારતા પવન સાથે વરસાદી ઝાપટું

## વૃક્ષો, હોર્ડીંગ્સ અને મકાનના પતરા ફંગોળાયા

ડીસા, તા. ૧૯

ડીસા બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ ત્રાટકતા અફડા તફડીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. સાંજે પાંચેક વાગ્યાના સુમારે સુસવાટા મારતો પવન શરૂ થઈ ગયો હતો. જેના કારણે ડીસા શહેરમાં ધમા ચકડી મચી જવા પામી હતી. કેટલાય હોર્ડીંગ્સ ધરાશાયી મચી જવા પામી હતી. કેટલાય હોર્ડીંગ્સ ધરાશાયી બનતા લોકોમાં નાસ ભાગ મચી હતી અને રસ્તાઓ બ્લોક થઈ જતા વરસાદી પાણીના ભરાવા વચ્ચે કફોડી હાલતમાં મુકાઈ ગયા હતા.

ડીસા પાલિકા દ્વારા પ્રિમોન્સુનના ભાગરૂપે કાર્યવાહી પૂર્ણ કરાઈ હોવાનો દાવો પોકળ પુરવાર થયાના દ્રશ્યો સામાન્ય વરસાદ મોજ જોવા મળ્યા હતા. બીજી તરફ કલાકો સુધી વિજળી ગુમ થઈ જતાં લોકો કફોડી મુલાકાતમાં મુકાઈ ગયા હતા. શિવનગર વિસ્તારમાં વિજ લાઈન ના વાયર તુટતા વિજ પુરવઠો ઠપ્પ થઈ જવા પામ્યો હતો. ૧૦ મિનિટ સુધી વરસાદની રમઝટ બાદ મોડી રાત સુધી વિજળીના કડાકા ભડાકા સાથે ઝરમરીયો વરસાદ યથાવતા રહેવા પામ્યો હતો અને કાળઝાળ ગરમીથી લોકોએ હાશકારો અનુભવ્યો હતો અને ધુળ ઉડતી બંધ થઈ ગઈ હતી.




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ભિલોડા-બામણા રૂટની નવિન એસ.ટી.બસ સેવાનો શુભારંભ

ભિલોડા,તા.૧૯

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ડિવીઝન વિભાગના ભિલોડા એસ.ટી.બસ ડેપો ધ્વારા ભિલોડા-બામણા રૂટની નવિન એસ.ટી. બસ સેવાનો ભિલોડાથી વાયા મઉં, જોડ, ખાપરેટા, ફતેપુર, શણગાલ, માંકડી, પુનાસણ, બામણા સુધીનો રૂટ નવિન એસ.ટી.બસ સેવાનો તાજેતરમાં શુભારંભ કરાતાં ગ્રામ્યવિસ્તારોમાં મુસાફરો સહિત વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

બામણા ગામના સુપ્રસિધ્ધ મૂર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમિનું બામણામાં ઉચ્ચ અભ્યાસ કરતા અને કરવા માગતા વિદ્યાર્થીઓ, મુસાફરો અને આદિવાસી વિસ્તારના અંતરીયાળ ડુંગરાળ પ્રદેશના વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળી રહે તે મુખ્ય હેતુથી નવિન એસ.ટી.બસ સેવાનો શુભારંભ કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

હિંમતનગર તાલુકાના બામણા-પુનાસણ ગામના જગદીશભાઈ જોષી, પ્રમુખ, મંત્રી, શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ, સંચાલિત આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ બામણા, બી.કે.જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, શેઠ શ્રી ડી.એમ.બી.પી. હાઈસ્કુલની દરખાસ્તને ધ્યાનમાં રાખી હિંમતનગર ડિવીઝન, ભિલોડા એસ.ટી.બસ ડેપો મેનેજર, એસ.ટી.વિભાગના વહીવટી તંત્રના અધિકારીઓએ ભિલોડાથી બામણા સુધીનો નવિન એસ.ટી.બસનો રૂટનો શુભારંભ કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### પાલનપુરની લક્ષ્મીપુરા-જામપુરા શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

પાલનપુર ખાતે નવા લક્ષ્મીપુરા તેમજ જામપુરા પ્રાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં કન્યાઓને હર્ષભેર પ્રવેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર ગણપતભાઈ જોષીએ જણાવ્યું હતું કે સરકારી પ્રાથમિક શાળાઓ પણ અન્ય ખાનગી પ્રાથમિક શાળાઓ કરતા જરાય શિક્ષણ અને ઈતર પ્રવૃત્તિઓમાં હવે પાછળ નથી. આ પ્રસંગે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢિયારના વરદ હસ્તે તેજસ્વી બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા જયારે ચેક અર્પણ અને પુસ્તક અર્પણ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. કાર્યક્રમમાં નગીનદાસ મોદી, દલપતભાઈ બારોટ સહિત અન્ય નગરસેવકો હાજર રહ્યા હતા.

# પ્રાંતિજમાં બોરની પાઈપ લાઈન ખોદવાનું મશીન આવતા ખેડૂતોમાં ખુશી

## મશીનથી એક કલાકમાં ત્રણસોથી ચારસો ફૂટ ખોદકામ થઈ શકે છે : ખોદકામ માટે કારીગરોની શોધમાંથી છૂટકારો મળશે

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામે રહેતા વિષ્ણુભાઈ પટેલ દ્વારા ક્રેન્ચ ડીગર એટલે કે બોરની પાઈપલાઈન ખોદવાનું મશીન વસાવતા આજુબાજુના પંથકના ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મલી છે.

ટેકનોલોજી એટલી બધી માણસો જોડે કામ લેવું અઘરૂ બન્યું છે અને જ્યારે જોઈએ ત્યારે ખેતરમાં પાણીની લાઈન ખોદકામ માટેના કારીગરો નહી મળતાં ખેડૂતને ખેતીની સિંચાઈ લાઈન માટે કારીગરો શોધવા આમ તેમ ફાંફા મારવા પડતા હતા અને છતાં પૈસા કોઈ કારીગરો કામે આવવા તૈયાર ન થતાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની હતી. પણ યંત્ર યુગમાં જેમજેમ ફૂટ લાંબુને ત્રણ ફૂટ ઉંડુ ખોદકામ મજૂર દ્વારા પણ એક ફૂટના આઠ રૂપિયા ભાવ છે પણ ખેડૂતને એક ખેતરમાંથી બીજા ખેતરમાં કે બોર પાસેથી ખેતરના ખુણા સુધી પાઈપલાઈન લઈ જવામાં કારીગરો દ્વારા ત્રણ ચાર દિવસ કે અઠવાડિયું લાગે છે ત્યારે ક્રેન્ચ ડીગર દ્વારા પાઈપ લાઈન ખોદવામાં માત્ર કલાકમાં તો આખા ખેતરોમાં લાઈન


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આગળ વધી છેકે કાળા માથાનો માનવી ધારે એ કામ સમય મર્યાદામાં કે સમય પહેલા પૂર્ણ કરી શકે છે. પછી એ મકાન બનાવવાનું હોય કે કારખાનામાં ઉપયોગ લેવાતા મશીન હોય કે ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોની હોય આ આવું જ એક ક્રેન્ચ ડીગર આવતાં પાઈપલાઈન કે કેબલ લાઈનનું ખોદકામ સરળ બન્યું છે.

ત્યારે યંત્ર યુગમાં હાલ જાણે યાંત્રિક ખેતી થતી જાય છે તેમ તેમ ખેતી સાથે સંકળાયેલા સાધનો અને ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓ સહિત ખેતી ઉપયોગી વસ્તુઓ આધુનિક અને યંત્રની મદદથી ઝડપથી થતી જાય છે. ત્યારે હાલ પ્રાંતિજના વડવાસા ગામે બોરની પાઈપલાઈન ખોદકામ કરવાનું મશીન આવતાં ખેડૂતો માટે આશીર્વાદરૂપ નિવડ્યું તેમ છે તેમ કહીએ તો નવાઈ નહી. જ્યારે એક લઈ જાય છે. આમ ઝડપથી સમય અને એક સરખું ખોદકામ થતાં ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી છે. અને ખોદકામ કરતાં કારીગરો મજૂરો ના મળતા પ્રાંતિજ ટોલટેક્ષ નેશનલ હાઈવે આઠ પાસે આવેલ પટેલ દિનેશભાઈ નાથાભાઈના ખેતરોમાં આ ક્રેન્ચ રીગર દ્વારા ખોદકામ થતા હાલ તો યંત્ર યુગમાં ખેડૂતોને ક્રેન્ચ રીગર દ્વારા કામ લેવાતા ઝડપથી સુવિધા મળી રહી છે.

# મોડાસા નગરપાલિકા દ્વારા ભુવાનું પુરણકામ કરાયું

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નવિન ગટર યોજના અંતર્ગત ત્રણ મહિના અગાઉ કરોડો રૂપિયાનો ધુમાડો કરી ગટરોનું નિર્માણ મોડાસાના હાર્દસમા વિસ્તાર નવજીવન ચોક અને કડિયાવાડા રોડ ગટરલાઈનનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું હતું. મંગળવારે સાંજે પડેલા વરસાદથી નવજીવન ચોક અને કડીયાવાડા રોડ પર મસમોટા ભુવાઓ પડી ગયા હતા. જે અંગે પ્રજાજનોને પડતી મુશ્કેલીને ગાંધીનગર સમાચાર દ્વારા વાચા અપાતા મોડાસા નગરપાલિકા દ્વારા સત્વરે કામકાજ કરી ભુવાઓનું પુરણકામ કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરમાં ચોમાસાના ધીરા પગલે આગમન થઈ રહ્યું છે ત્યારે મોડાસા શહેરમાં નગરપાલિકા દ્વારા કડીયાવાડા નવજીવન ચોકમાં ગટરલાઈનનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું હતું. મોડાસા નગરપાલિકા દ્વારા કરાતા ખોદકામ બાદ યોગ્ય રીતે પુરાણ કરવામાં ન આવતાં ચોમાસાની શરૂઆતમાં જ વરસાદી પાણીથી ભુવા મસમોટા પડ્યા હતા. કોન્ટ્રાક્ટરની અણધડ કામગીરીને લીધે કડીયાવાડા રોડ અને નવજીવન ચોકમાં મોટા ભુવાઓ પડતાં નગરપાલિકાના માથે બોજ પડતો હોવાથી નગરપાલિકાને ભુવાઓનું પુરણ કરવા ખર્ચ કરવો પડતો હોવાથી મોડાસાના નગરજનોના રૂપિયા પાણીમાં વહી જતા હોવાથી નગરજનોમાં અસંતોષ જોવા મળે છે. ત્યારે મોડાસાના કડીયાવાડા રોડ અને નવજીવન ચોકમાં પડેલા ભુવાઓના લીધે નવજીવન ચોકના દુકાનદારો કડીયાવાડા માર્ગ પરથી પસાર થતા નગરજનો તોબા પોકારી ઉઠ્યા હતા. જે અંગેના સમાચાર ગાંધીનગર સમાચારમાં બુધવારે પ્રકાશિત થતાં મોડાસા નગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામકાજ કરી ભુવાઓનું પુરણ કરવામાં આવતા નવજીવન ચોકના દુકાનદારો, કડીયાવાડા માર્ગ પરથી પસાર થતા પ્રજાજનો અને નગરજનોમાં આનંદ છવાયો હતો.


(તસવીર : જય અમીન, મોડાસા)

## સરસ્વતી બાલમંદિરે પુરુષોત્તમ માસની ઉજવણી કરી

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૫૯ વર્ષથી શૈક્ષણિક સેવાઓ આપતા સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા સંચાલિત સરસ્વતી બાલમંદિર અને પ્રાથમિક શાળામાં પુરુષોત્તમ માસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ત્રણ વર્ષમાં એક જ વાર આવતા પુરુષોત્તમ માસમાં દાન અને મંત્રોચ્ચાર જેટલા કરવામાં આવે તેનું અધિકગણું ફળ પ્રાપ્ત થતું હોવાનું હિન્દુ શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે.

મોડાસા શહેરની સરસ્વતી બાલમંદિર અને પ્રાથમિક શાળામાં સરસ્વતી બાલ મંદિર મંડળ અને મોડાસા જેસીઝ મિલ્ક કમીટી દ્વારા શાળામાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં રશીયા દેશના વતની ગોવિંદ દત્ત મહાપ્રભુ (ઈસ્કોન)થી આવેલા સંત દ્વારા બાળકો, શિક્ષકો અને વાલીઓને શાળા સંકુલમાં મહામંત્ર જાપ કરાવવામાં આવ્યો હતો અને પુરુષોત્તમ માસ, મંત્રો, જાપ અને દાનના મહિમા વિષે વિસ્તૃત માહિતી આપી હતી. જેસીઝ મીલ્ક કમીટીના ચેરમેન નવીનતભાઈ પરીખે બાળકો વર્ષ દરમિયાન ઉચ્ચ અભ્યાસ સાથે ધાર્મિક અને રમત ગમતની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦